# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY

Accredited by NAAC with "B" Grade (CGPA 2.21)

પરિપત્ર નં. ૪૨ / ૨૦૨૬

વિષય: યુનિવર્સિટી કેમ્પસ ખાતે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ તેમજ ઉપયોગ ન કરવા બાબત.

યુનિવર્સિટીના તમામ વિભાગોના અધ્યક્ષશ્રીઓ / હોસ્ટેલના રેકટરર્સશ્રીઓને જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક નંબરઃ પી.આર.ઓ./૨૦૨૬/૧૦૪, તા.૧૦/૦૨/૨૦૨૬ સંદર્ભે નીચે મુજબના પગલાંઓ લેવા આથી જણાવવામાં આવે છે.

૧. યુનિવર્સિટીના તમામ વિભાગો / હોસ્ટેલોએ પોતાના કેમ્પસમાં કોઇપણ પ્રકારની પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ સેવન કે વેચાણ ન થાય તે માટે અધ્યાપકશ્રીઓ દ્વારા સતત મોનિટરીંગ કરવાનું રહેશે તેમજ આ પ્રકારની વસ્તુઓનો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે નુકશાનકારક હોઇ આ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું.

૨. યુનિવર્સિટીના તમામ વિભાગો / હોસ્ટેલોએ કેમ્પસમાં અનઅધિકૃત અને શંકાસ્પદ વ્યક્તિઓની બિન જરૂરી આવન-જાવન પર પૂર્તતી કાળજી લઇ તેને અટકાવવા પ્રયત્ન કરવા અને કોઇ પણ ઇસમની પ્રવૃત્તિ શંકાસ્પદ જણાય તો નજીકના પોલિસ સ્ટેશન પર જાણ કરવી.

૩. યુનિવર્સિટીના તમામ વિભાગો / હોસ્ટેલોએ કેમ્પસમાં કોઇ પણ વિદ્યાર્થીની આ બાબતમાં શંકાસ્પદ વર્તન જણાય તો વિદ્યાર્થીના વાલીને સત્વરે જાણ કરવાની વ્યવસ્થા ગોઠવવી.

૪. હોસ્ટેલ કેમ્પસના જવાબદાર અધિકારીઓએ આકસ્મિક મુલાકાતો લઇ સતત દેખરેખ રાખવી.

૫. યુનિવર્સિટીના તમામ વિભાગો / હોસ્ટેલોએ કેમ્પસમાં પ્રતિબંધિત વસ્તુઓના ઉપયોગનું સેવન, વેચાણ સબબ થતી કાયદાકીય શિક્ષા અને દંડની જોગવાઇઓથી વિદ્યાર્થીઓને સતત જાગૃત કરવાના રહેશે.

સદર બાબતોને ધ્યાને લઇ ઉકત પગલાંઓનું ચૂસ્ત પણે પાલન થાય તે માટે યુનિવર્સિટીના તમામ વિભાગોના અધ્યક્ષશ્રીઓ / હોસ્ટેલના રેકટરર્સશ્રીઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ બાબતે કોઇ ઘટના બન્યેથી તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિભાગોના અધ્યક્ષશ્રી / હોસ્ટેલના રેકટરર્સશ્રીની રહેશે. જે ધ્યાને લેશો.

(ડૉ.આર.એન.દેસાઇ)
કુલસચિવ

જા.નં. એસ.એસ.સી./૧૪૯૦/૨૦૨૬
તા. ૧૧/૦૩/૨૦૨૬

પ્રતિ,
અધ્યક્ષશ્રીઓ/કો-ઓર્ડિનેટરશ્રીઓ /હોસ્ટેલના રેકટરર્સશ્રીઓ,
યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગો / યુનિ.ની તમામ હોસ્ટેલો તરફ.

**નકલ રવાના :**

૧. માન.કુલપતિશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ જાણ સારૂ.
૨. ઓફિસર ઇન્ચાર્જ, સબ સેન્ટર, ખેડબ્રહ્મા કેમ્પસ, વડાલી તરફ.
૩. સિકયુરીટી ઇન્સ્પેકટર/સુપરવાઇઝર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
૪. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, રીઝલ્ટ સેન્ટર, યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવા સારૂ.
૫. આંકડાશાસ્ત્ર પ્રશાખા (ઇ-મેઇલ તેમજ વોટસએપ ધ્વારા જાણ કરવા સારૂ)